ગાંધીનગર સમાચાર

# શહેરમાં પવન વરસાદને ભગાડી ગયો



બપોર બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વાવાઝોડા સાથે આકાશમાં વાદળો ધસી આવ્યા હતા પરંતુ વરસાદ ન આવ્યો

ગાંધીનગર, તા. ૧

આવ રે વરસાદ કહી કહીને થાકી ગયેલા શહેરીજનોને વરસાદે આજે પુનઃ આશા બંધાવી હતી પરંતુ વાવાઝોડુ ફુંકાયા બાદ વાદળો વિખેરાઈ જતાં વરસાદની આશા ઠગારી નીવડી હતી. અને શહેરીજનોને પુનઃ નિરાશા સાંપડી હતી.

છેલ્લા ઘણા દિવસોથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસી રહેલો વરસાદ જાણે ઉત્તર ગુજરાત તરફ આવવાનુ ભુલી ગયો હોય તેમ વારંવાર વાદળો છવાય છે પરંતુ સંતોષકારક વરસાદ પડતો નથી. માત્ર છુટાછવાયા ઝાપટા પડી વાદળો ગાયબ થઈ જાય છે. વરસાદની રાહ જોઈને થાકેલા શહેરીજનોને વરસાદે આજે પુનઃ આશા બંધાવી હતી. આજે બપોર બાદ અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. થોડીક જ વારમાં વાવાઝોડુ ફુંકાવવાનું શરૂ થયુ હતુ અને વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. વાવાઝોડા સાથે આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. વાતાવરણમાં આવેલો પલ્ટો જોઈ નગરજનો ખુશખુશાલ થઈ ગયા હતા. એવુ લાગતુ હતુ કે હમણાં ધોધમાર વરસાદ તુટી પડશે જો કે પાંચ દસ મિનિટ જોરદાર પવન ફુંકાયા બાદ વાદળો વિખેરાઈ ગયા હતા અને પુનઃ તડકો નીકળ્યો હતો. ગરમી અને બફારાથી ત્રસ્ત વસાહતીઓ પુનઃ નિરાશ થઈ ગયા હતા. આજે મહત્તમ તાપમાન ૩૮.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૪ ટકા અને સાંજે ૭૦ ટકા રહ્યુ હતુ.

# જિલ્લામાં આધાર કાર્ડની નોંધણીનું ૮૦ ટકા કામ થયુ છે : સતીષ પટેલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આધારકાર્ડની કામગીરીએ સારી ગતિ પકડી હોવાનો દાવો કરતાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યુ હતુ કે ૮૦ ટકા જેટલી એનરોલમેન્ટની કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે.

આજે તેમણે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે જિલ્લાની ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૩,૯૧,૭૩૫ની સામે ૧૧,૦૭,૯૯૮ લોકોનું આધારકાર્ડ માટેનું એનરોલમેન્ટ સંપન્ન થઈ ચુક્યું છે. જે ૭૯.૮૦ ટકા જેટલુ થાય છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે ગાંધીનગરમાં ૩,૯૯૧૯૫ નું, દહેગામમાં ૨,૧૧,૭૬૨, કલોલમાં ૨,૬૪,૨૬૪નું અને માણસામાં ૨,૩૨,૭૭૩નું એનરોલમેન્ટ થઈ જવા પામ્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આધારકાર્ડ માટે હાલ ૪૦ જેટલી કીટો કાર્યરત છે અને રોજનું ૩૫ થી વધુનું ઓનરોલમેન્ટ દરેક કીટ પર થાય છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે જિલ્લામાં બાકી રહી ગયેલાઓમાં નાના બાળકો ખાસ કરીને આંગણવાડી અને પ્રાથમિક શાળાના છે તે માટે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કમળો-ટાઈફોઈડના કેસોમાં મોટો ઉછાળો નોંધાતાં તંત્ર ચિંતાતુર

ક્લોરીનેશન અને સ્વચ્છતાના અમલ માટે તાલુકા આરોગ્ય અધિકારી તલાટીઓની બેઠકમાં જઈ વાત કરે અને મોનીટરીંગ કરી પછી પ્રમાણપત્ર તલાટી પાસેથી લે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસોની સંખ્યામાં નોંધાયેલા ઉછાળાને પગલે તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓને તલાટીઓની યોજાતી બેઠકમાં જઈ ક્લોરીનેશન અને સ્વચ્છતા માટેની અસરકારક કામગીરી કરાવવાની તાકીદ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે કરી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વિતેલા પખવાડિયામાં જ કમળાના ૧૨૦ અને ટાઈફોઈડના ૧૧૭ કેસ નોંધાયા છે. ઉપરાંત આ સીઝન દરમ્યાન કોલેરાના જે છુટા છવાયા કેસો મળ્યા છે તેને અતિ ગંભીરતાથી લઈ ગઈકાલે જિલ્લા હેલ્થ મિશનની બેઠકમાં કલેક્ટર પટેલે આ તાકીદ કરી હતી.

જિલ્લામાં કમળાના અને ટાઈફોઈડના વધી રહેલા કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે તેવો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓ પણ ખાનગીમાં કરી રહ્યા છે.

પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચકયુ છે તેમાં ક્લોરીનેશનની નબળી કામગીરી તેમજ સ્વચ્છતા માટે ઉદાસીનતા વધુ જવાબદાર માનવામાં આવી રહેલ છે. જિલ્લામાં વાહકજનય રોગચાળામાં ૧૫ જેટલા કેસો મેલેરિયાના છેલ્લા બે સપ્તાહમાં નોંધાયા છે તેનો પણ ઉલ્લેખ જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારમાં સી.સી. રોડના કામ માટેની દરખાસ્ત અધ્ધરતાલ

લાંબા સમયના અંતે પણ બાકી રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવી નથી : ૧૪ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૧

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણી ગટર અને રસ્તાની પાયાની સુવિધાના કામો હજુ પણ પુરા થઈ શકયા નથી. ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યા ડામવા માટે નવા બોર બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે પરંતુ ગામડાઓમાં સી સી રોડ બનાવાની દરખાસ્ત લાંબા સમયથી વિભાગમાં ધુળ ખાય છે. શહેરી વિસ્તારના ગામોમાં સી સી રોડના નિર્માણ પાછળ અંદાજિત ૧૪ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ પાયાની સુવિધાઓના કામો હાથ ધરવામાં આવ્યા નથી. જેના લીધે ગ્રામ્ય વિસ્તારમાં વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. જો કે પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પાણીના નવા બોર બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. પરંતુ માર્ગ નિર્માણની કામગીરી માટેની દરખાસ્ત લાંબા સમયથી પેન્ડીંગ છે. ગ્રામજનો દ્વારા આ મામલે વારંવાર રજુઆતો કરવા છતા કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવતી નથી. શહેરી વિસ્તારના ગામો પૈકી બોરીજ , ઈન્દ્રોડા ,ધોળાકુવા ફતેપુરા અને આદિવાડામાં અગાઉ ગટર લાઈનની કામગીરી પણ અધુરી છોડી દેવામાં આવી હતી. જયારે ગટર લાઈનની કામગીરી દરમિયાન હયાત

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોની શેરીઓ અને બગીચાઓમાં અંધારપટ્ટ

૫૪ થી વધુ થાંભલા બંધ : વરસાદી દિવસો પહેલા જ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની સમસ્યાથી રહીશો ત્રાહીમામ

ગાંધીનગર તા ૧

ચોમાસુ શરૂ થાય તે પહેલા જ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની સમસ્યાએ જટીલ સ્વરૂપ ધારણ કર્યુ છે. નવા સેકટરોમાં સંખ્યાબંધ સ્ટ્રીટ લાઇટના પોલ્સ બંધ હાલતમાં હોવાથી સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના પરિણામે તસ્કરીનો ભય વધતા રહીશોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. સ્ટ્રીટ લાઇટો ડુલ રહેવાથી બાળકો તેમજ મહીલાઓમાં વિશેષ ભયની લાગણી અનુભવે છે.

શહેરમાં ચોમાસા દરમિયાન સેકટરોમાં લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામે છે.પરંતુ હજુ વરસાદી ઋતુ શરૂ થાય તે પહેલા જ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની સમસ્યા વધુ ગંભીર બની છે. સેકટરામાં મોટાભાગના થાંભલાઓની લાઈટો ડુલ જોવા મળી રહી છે. જેના પરિણામે સાંજ ઢળતા જ સેકટરામાં અંધારપટ્ટ છવાઈ જાય છે. ખાસ કરીને નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઇટની સમસ્યાથી રહીશો તોબા પોકારી ગયા છે. જેમાં સે-૧ માં ગાયત્રી મંદિરની પાછળના બગીચામાં લાઇટ બંધ છે. જયારે સે-૨ માં બગીચા તેમજ સ્વામિનારાયણ મંદિરની સામેના વિસ્તારમાં લાઇટો ડુલ જોવા મળે છે. સેકટરના શોપિંગ સામેના બગીચામાં તેમજ મહાદેવ મંદિર સામે પણ લાઇટો ચાલુ થતી નથી. સે-૧ થી ૪ માં સ્ટ્રીટ લાઇટના ૫૪ થી વધુ થાંભલા બંધ હાલતમાં છે. જયારે બગીચાઓમાં પણ લાઈટો ડુલ છે. વરસાદ પહેલા જ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટ બંધ રહેવાથી રહીશોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જવાબદાર તંત્ર દ્વારા આ મામલે સેકટરોમાં સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે.આ મામલે વોર્ડનં-૮ ના કોર્પોરેટર પાયલબેન મેણાતે પણ લાઇટની સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે તંત્રને રજુઆત કરી છે.

# પ્રાથમિક શિક્ષણ ગુણવત્તાસભર બનાવવા ૫૬ શાળા ૪૦ અધિકારીઓને દત્તક

જિલ્લામાં ગુણોત્સવ-૬ના પરિણામને આધારે ઉપચારાત્મક વર્ગો આજથી શરૂ કરવામાં આવ્યા છે જે સતત એક માસ સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૧

ગુણોત્સવ-૬માં સી અને ડી ગ્રેડ મેળવનાર ૫૬ પ્રા. શાળાઓ ૪૦થી વધુ અધિકારીઓને દત્તક આપી ગુણવત્તા સુધારણા અભિયાનનો નવતર અભિગમ જિલ્લા વહીવટીતંત્રએ અપનાવ્યો છે.

જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પ્રા. શિ. અધિકારીની સંયુક્ત સહિથી આ દત્તક શાળાઓની ફાળણીના હુકમો કરાયા છે. કલેકટર પટેલને દહેગામની ધમીજ અને ગાંધીનગરની અડાલજ પ્રા. શાળા તો જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈને આજોલની બે શાળાઓ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લાના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓને બીજી શાળાઓ ફાળવવામાં આવી છે.

ગુણોત્સવ-૬માં જિલ્લાની ૨૦ શાળાઓ ડી ગ્રેડમાં અને ૩૬ શાળા સી ગ્રેડમાં આવી છે. આ શાળાઓ મનપાના અધિકારીઓને પણ ફાળવવામાં આવી છે.

આ દત્તક અપાયેલી શાળાઓમાં સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અધિકારી દર ૧૫ દિવસે મુલાકાત લઈ શાળાની ગુણવત્તામાં શુ સુધાર થયો અને હજુ શુ ખૂટે છે તે માટે પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા અધિકારીઓને સાંકળી આ કામગીરી કરવામાં આવશે.

દરમ્યાન જિલ્લામાં ગુણોત્સવ-૬ના પરિણામને આધારે ઉપચારાત્મક વર્ગો આજથી શરૂ કરવામાં આવ્યા છે. જે સતત એક માસ સુધી ચાલશે. આ પછી તેનુ મૂલ્યાંકન કરવામાં આવશે. જે શાળા કક્ષાએ જ થશે અને પછી તેની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે.

વાંચન-લેખન-ગણન પર વિશેષ ભાર મુકવામાં આવશે. આ માટે શાળા શરૂ થયાના એક કલાક પહેલા અને એક કલાક પછીથી ઉપચારાત્મક વર્ગોનું આયોજન કરાશે. ગણન અને લેખનમાં બાળકો વિશેષ નબળા જણાયા હોઈ તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવના પરિણામમાં સુધારો આવે તે માટે બાલ મિત્ર યોજના ઉપરાંત પ્રિ. ગુણોત્સવનું પણ આયોજન તંત્ર દ્વારા કરાતુ હતુ. આ વખતે જિલ્લા વહીવટીતંત્ર સીધે સીધુ સાંકળવામાં આવ્યું છે.

ગાંધીનગર એ પાટનગર જિલ્લો હોવાથી અહિ ગુણવત્તા સુધારણા અભિયાન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.




ઉર્જા બચાવો - ઉજાલા : પ્રકાશ વધારો - બિલ ઘટાડોની ટેગ લાઈન સાથે રાજ્ય સરકાર દ્વારા પ્રજાના હિતમાં મુકાયેલા એલઈડી બલ્બને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે... પાટનગરમાં ટોરેન્ટ પાવરની કચેરીએ એલઈડી બલ્બ લેવા વહેલી સવારથી જ લાઈનો લાગે છે...

# ધોરણ-૧૦માં નબળુ પરિણામવાળી શાળાઓ વર્ગ-૧ના અધિકારીઓને દત્તક અપાશે

દહેગામની હરખજીના મુવાડા શાળાનુ જિલ્લા કલેકટર મોનિટરીંગ કરશે

ગાંધીનગર તા ૧

ધોરણ ૧૦માં ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓને વર્ગ-૧ના અધિકારીઓ દત્તક લેશે. દહેગામ તાલુકાના હરખજીના મુવાડાની શાળાનુ જિલ્લા કલેકટર મોનિટરીંગ કરશે જિલ્લાની ૨૦ પૈકી ૧૪ શાળાઓમાં પરિણામ સુધારણા માટે અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે. શિક્ષણનુ સ્તર ઉંચુ લાવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૦ની પરીક્ષામાં જિલ્લાની ૨૦ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી પણ નીચુ આવ્યુ છે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામ સુધારણા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પણ જરૂરી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં વધારાના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આચાર્યોની બેઠક પણ યોજવામાં આવી હતી આગામી દિવસોમાં વિષય શિક્ષકોની પરીક્ષા લેવાશે. જિલ્લા કલેકટર દ્વારા આ મામલે નબળી શાળાઓમાં પરિણામનુ સ્તર સુધારવા માટે આ શાળાઓને વર્ગ-૧ના અધિકારીઆએને દત્તક આપવામાં આવશે જેમાં દહેગામના હરખજીના મુવાડાની શાળાનુ મોનિટરીંગ જિલ્લા કલેકટર કરશે. જિલ્લામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૦ છે. જયારે આ પૈકી ૫ શાળાઓ સેલ્ફ ફાયનાન્સ છે. જયારે નબળી શાળાઓની યાદીમાં માત્ર સરાકારી શાળાઓમાં સે-૨૭ ની શાળાનો સમાવેશ થતો હતો જો કે આ શાળા મર્જ કરી દેવાતા ૧૪ શાળાઓને ધ્યાને રાખી અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધરે તેમજ પરિણામની ટકાવારી ઉંચી આવે તેવા પ્રયાસો કરવામાં આવશે.

# તમાકુનુ સેવન કરી ગંદકી કરનારાઓ સામે હવે દંડનીય કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૧

તમાકુનું સેવન કરી અને જ્યાં ત્યાં ગંદકી ફેલાવનારાઓ સામે હવે દંડનીય કાર્યવાહી કરવા માટે તંત્રએ મન બનાવી લીધુ છે અને આગામી સપ્તાહથી જ આ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તમાકુ નિયંત્રણ અંગે ગઈકાલે મળેલ તમાકુ નિયંત્રણ સોસાયટીની બેઠકમાં આ અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. જિલ્લા કલેક્ટર સતીષ પટેલની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં આખી ઝુંબેશનું સઘન આયોજન કરી આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા પોલીસતંત્ર, મનપાનું તંત્ર, પંચાયતનું તંત્ર, સિવિલ હોસ્પિટલનું તંત્ર તેમજ કલેક્ટર કચેરીના તંત્ર દ્વારા સુયોગ્ય સંકલનમાં રહી આખી ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

શૈક્ષણિક સંસ્થાઓની નજીકમાં આવેલા પ્લાનના ગલ્લાઓ દૂર કરાશે. આ ઉપરાંત કચેરીઓમાં પણ જ્યાં ત્યાં પાનની પીચકારી મારી ગંદકી કરનારાઓ સામે પણ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા તમાકુ નિયંત્રણ સોસાયટીના ડૉ. જયેશ સોલંકીએ જણાવ્યુ હતુ કે ટોબકો કંટ્રોલ એક્ટ અંતર્ગત જરૂરી તમામ પગલાંઓ ભરવામાં આવશે. આ દંડનીય કાર્યવાહી અંગેની રસીદ બુકો પણ તૈયાર કરવામાં આવી રહી છે.

શહેરમાં સ્મોકીંગ ફ્રી ઝોન આગામી દિવસોમાં બનાવવા પર પણ પ્રાથમિક ચર્ચાઓ થઈ છે. જો કે પ્રથમ તબક્કે તમાકુ ખાઈ ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરાશે.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com